

શિયાળાની કડકડતી ઠંડી માનવજીવનને તો અસર કરે જ છે પરંતુ મુંગાજીવ પણ ઠંડીથી થથરે છે અને બે દિવસથી સૂરજનાં દર્શન પણ દુર્લભ છે. આવનારા દિવસોમાં હજુ ઠંડી વધવાની સંભાવના છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

# પાર્કીંગની સુવિધા પુરી પાડી નહી શકે તે કોમ્પલેક્ષને સીલ કરાશે

## નિયત સમય મર્યાદામાં નિવેડો નહી લાવે તો એસ.પી. સંબંધીત વિભાગને દરખાસ્ત કરશે

ગાંધીનગર, તા. ૨

કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં પાર્કિંગ વ્યવસ્થા ન હોવાથી પાટનગરમાં ટ્રાફીકની સમસ્યા ખુબ જ વકરી છે જેને પગલે જિલ્લા પોલીસ દ્વારા નોટીસો પણ ફટકારવામાં આવી છે. આ નોટીસમાં દર્શાવેલ સમય મર્યાદા સુધીમાં બિલ્ડર્સ સમસ્યાનો નિવેડો નહી આવે તો કોમ્પલેક્ષ સીલ કરવા સુધીના પગલા લેવા એસ.પી. દરખાસ્ત કરશે.

ટ્રાફીકની સ્થિતિ વિકટ બની રહી છે ત્યારે કોમ્પલેક્ષમાં પાર્કિંગની જગ્યા જ રાખ્યા સિવાય બિલ્ડર્સે ઉભા કરી દીધેલા કોમ્પલેક્ષ આ સમસ્યાઓનું કેન્દ્ર સ્થાન બની ગયુ છે. પાર્કિંગની સવલત પુરી પાડી ન હોવાથી તમામ કોમર્શીયલ કોમ્પલેક્ષોની બહારની જગ્યાએ નાગરિકોએ પોતાના વાહનો આડેધડ અડચણરૂપ પાર્ક કરવા પડે છે. આ બાબતનો ગંભીરતાથી લઈને ગાંધીનગર એસ.પી.એ તાજેતરમાં તમામ કોમ્પલેક્ષ સંચાલકોને નોટીસ ફટકારી ચોક્કસ સમય મર્યાદામાં પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરી દેવા સુચના આપી હતી. જો આ સમયમર્યાદા દરમ્યાનમાં વ્યવસ્થા ઉભી કરવામાં નહી આવે તો તેવા કોમ્પલેક્ષો સીલ કરી દેવા માટે સંબંધીત તંત્રને જિલ્લા પોલીસ વડા પત્ર લખી દરખાસ્ત કરશે તેમ એસ.પી. શરદ સિંઘલે જણાવ્યું છે.

# સરકારી ભરતી પ્રક્રીયામાં અંગ્રેજી માધ્યમના સમાવેશ સામે વિરોધ

## વર્ગ-૧ અને ૨ ની પરીક્ષા સંદર્ભે ૩૫ વર્ષ સુધીની છૂટછાટ કરવા પણ સચિવાલય સ્ટાફ એસોસિએશનની માંગણી

ગાંધીનગર, તા. ૨

ગુજરાત જાહેર સેવા આયોગ કક્ષાએથી હાથ ધરાતી ભરતી પ્રક્રીયા અન્વયે અંગ્રેજી માધ્યમનો સમાવેશ કરવાના મામલે ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિએશને ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો છે. એસોસિએશને રાજ્યના સક્ષમ યુવાનોને પરીક્ષાનો લાભ મળે તે માટે વય મર્યાદાઓ પાંચ વર્ષ વધારી ૩૫ વર્ષ સુધી છૂટછાટ આપવા પણ પ્રબળ માંગ કરી છે.

ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિએશનના પ્રમુખ ભવાનસિંહ પરમારે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર સરકાર દ્વારા ૧૦ વર્ષે કેલેન્ડર યોજના હેઠળ ૨.૫૦ લાખ કર્મચારીઓની ખાલી જગ્યા ભરવાનો નિર્ણય લેવાયો છે. જ્યારે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ગ-૧ અને વર્ગ-૨ની ભરતી પ્રક્રીયા હાથ ધરાય છે.

જેમાં અંગ્રેજી માધ્યમનો સમાવેશ કરવા પણ નિર્ણય લેવાયો છે. જેના પરિણામે ગુજરાતી ઉમેદવારોને અન્યાય થયાની સાથે વહીવટ પર વિપરિત અસરો થશે તેવો આક્રોશ પણ એસોસિએશનને વ્યક્ત કર્યો છે. આ મામલે ઉગ્ર વિરોધ વ્યક્ત કરી પુનઃ વિચારણા હાથ ધરવા પણ માંગણી કરવામાં આવી છે. રાજ્યની પરીક્ષામાં માતૃભાષાના જાણકાર અધિકારીઓ મળી રહે તે માટે આ રજૂઆતને ધ્યાને લેવા જણાવાયું છે. વધુમાં છેલ્લા ૭ વર્ષથી વર્ગ-૪ને ૨ ની ભરતી પ્રક્રીયા હાથ ધરવામાં આવી નથી. ત્યારે હજારો સક્ષમ બેરોજગાર યુવાનોને પણ પરીક્ષાનો લાભ મળે તે માટે વયમર્યાદા ૩૫ વર્ષ સુધીની કરવા ઉગ્ર માંગણી કરવામાં આવી છે.

# ઘ-૨થી બે બોટલ સાથે પકડાયેલા બુટલેગરના ઘરેથી જથ્થો મળ્યો

## સે-૫માં દરોડો પાડી તપાસ કરતાં ૫૨ દારૂની બોટલો અને ૬૫ બિયરના ટીન મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨

ઘ-૨ સર્કલ પાસે સે-૭ પોલીસને એક વાહનચાલકના મહીન્દ્રા ડયુરોમાંથી બે બોટલ વાહન ચેકીંગ દરમિયાન લઈ આવી હતી. તે શખ્સના ઘરે સે-૫માં જઈને તપાસ કરતાં દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. ૫૨ નંગ દારૂની બોટલ અને ૬૫ નંગ બિટરના ટીન મળી રૂ. ૨૫,૦૫૦ના મુદ્દામાલ સાથે સે-૫ના બુટલેગરની પી.આઈ. જે.એમ. ભરવાડે ધરપકડ કરી કડક પુછપરછ શરુ કરી છે.

શહેરના ઘ-૨ સર્કલ પાસે ગઈ મોડી સાંજે સે-૭ પી.આઈ. જે.એમ. ભરવાડ તથા તેમની ટીમ વાહન ચેકીંગ કરી રહી હતી તે દરમિયાન જીજે-૧૮ સીડી ૪૫૫૬ નંબરનું મહીન્દ્રા ડયુરો (સ્કુટર) લઈને સે-૫-બી પ્લોટ નં. ૬૭૩/૧ ખાતે રહેતો બુટલેગર જગદીશ કિશોરભાઈ જયસ્વાલ નીકળ્યો હતો. પોલીસે તેનું વાહન ઉભું રખાવી ડેક્કી તપાસતા તેમાંથી બે બોટલ વિદેશી દારુ મળી આવ્યો હતો. પોલીસે તેની ઉંડી પુછપરછ કરી ઘરે સે-૫માં ચેકીંગ કરતાં ઘરેથી ૫૨ દારૂની બોટલ અને ૬૫ બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. ખાનગી રીતે આ બુટલેગરે સે-૫માં દારૂ-બિયરનો ધંધો શરૂ કરી દીધો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ૨૫,૦૫૦નો દારૂ-બિયર તથા વાહન જપ્ત કરીનો બુટલેગર જગદીશની ધરપકડ કરી લઈ આ માલ કયાંથી લાવતો હતો અને કેટલા સમયથી ધંધો કરતો હતો તે સહિતની વિગતો બહાર કઢાવવા પુછપરછ શરુ કરી છે.

# વણકર સમાજની લડાઈ સામાજિક હક્ક અને સામાજિક ન્યાયની છે : મોઢવાડિયા

## ઉદ્યોગગૃહોને મફ્તના ભાવે જમીન આપી છે તેના દસ ગણા ભાવે જમીન આપી પ્રશ્ન ઉકેલવા જણાવ્યુ

ગાંધીનગર, તા. ૨

સામાજિક હક્ક અને સામાજિક ન્યાયની લડત ગાંધીનગર વણકર સમાજ ચલાવી રહ્યો છે તેથી કોંગ્રેસ પ્રમુખના નાતે આ લડતમાં માટે જોડાવુ જોઈએ અને સમર્થન આપવુ જોઈએ તે મારી ફરજ બને છે તેમ આજે પ્રદેશ પ્રમુખ શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું.

સે. ૬ની ઉપવાસી છાવણી ખાતે ઉપવાસીઓની ખબર અંતર પુછવા અને લડતને સમર્થન જાહેર કરવા આવેલા શ્રી અર્જુનભાઈએ જણાવ્યું હતું કે ગાંધીનગરની જમીન ખેડૂતો પાસેથી સસ્તાભાવે સંપાદિત કરેલી છે અને ઉદ્યોગગૃહોને લ્હાણી કરાય છે તેના બદલે સામાજિક હક્કો માટે લડતા સમાજને અન્યાય થાય તે યોગ્ય નથી.

તેમણે મોદી પર નિશાન તાકતાં જણાવ્યું હતું કે રાહેજાને ૪૩૫ ના ભાવે જમીન આપી અમને વાંધો નથી એના કરતાં દસ ગણા ભાવે આ સમાજને જમીન આપો ને તે લોકો આ શરત સ્વીકારવા તૈયાર છે.

તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે આનંદીબેન પટેલ અને નિતીન પટેલ સિવાય કોઈ મંત્રીનું કંઈ જ ચાલતુ નથી. આ મંત્રીઓ સિવાય સાહેબ કોઈની વાત સાંભળતા જ નથી તેથી મંત્રીઓનો દોસ છે. શ્રી અર્જુનભાઈએ જણાવ્યું હતું કે ગાંધીનગરમાં ઉદ્યોગગૃહોને જમીનોની લ્હાણી કરી પરંતુ હજુ કોઈ ગૃહે પ્રોજેક્ટ પણ શરૂ કર્યા નથી તેમાં સરકાર કેમ કંઈ કરતી નથી.

પ્રદેશ પ્રમુખશ્રીએ જણાવ્યું હતુ કે ઉપવાસ આંદોલન વડીલો કરી રહ્યા છે તે બહુ દુઃખદ છે. સરકારે સંવેદના બતાવી આ પ્રશ્નનો સુખદ ઉકેલ આવે તે જોવુ જોઈએ તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે પૂર્વ આઈપીએસ શ્રી રાજન પ્રિયદર્શી, પૂર્વમંત્રી ઈશ્વરભાઈ વણકરે પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

# કલોલના પૂર્વ વિસ્તારની સાથે ઓરમાયા વર્તન અંગે ઉગ્ર રજુઆત

## કલોલ નગરરપાલિકાના પ્રમુખને એન.એસ.યુ.આઈ. દ્વારા આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ઔદ્યોગિક ઉત્પાદનમાં મહત્વનું સ્થાન ધરાવતા કલોલ શહેરના પૂર્વ વિસ્તારની સાથે આવેદન-પત્રમાં ગટરોની સફાઈ, સિવિલ હોસ્પિટલની કથળતી સેવાઓ, પેયજળની સમસ્યા તેમજ માર્ગ મરામતનું કામ ઝડપથી હાથ ધરવા કાર્યકરો રેલી સ્વરૂપે નગરપાલિકાના પ્રમુખને શહેરના પડતર પ્રશ્નોને મુદ્દે આવેદન પત્ર આપવા ગયા હતા. ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈના



રાખવામાં આવતા ઓરમાયા વર્તન અંગે એન.એસ.યુ.આઈ.એ નગરપાલિકાના પ્રમુખને આવેદન-પત્ર આપ્યું છે.

એન.એસ.યુ.આઈ.ના જિલ્લા મહામંત્રી શ્રી નિખીલ સિંઘાનિયાના નેતૃત્વમાં નીકળેલી રેલી બાદ અપાયેલા માટેની રજુઆત કરવામાં આવી છે.

કલોલ એનએસયુઆઈના આગેવાનો દ્વારા આજે ધારાસભ્યશ્રીની ઓફિસથી નગરપાલિકાની ઓફીસ સુધી બાઈક રેલી યોજી હતી. કલોલ એનએસયુઆઈના ૨૦૦ થી વધુ મહામંત્રી નિખીલ સિંઘાનીયા દ્વારા રેલીનું નેતૃત્વ કરવામાં આવ્યું હતું. આ રેલીને એનએસયુઆઈનો ધ્વજ ફરકાવી એનએસયુઆઈના પ્રદેશ મહામંત્રી અંકિત બારોટ અને જિલ્લા પ્રમુખ રાજદિપસિંહ ગોલ દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કલોલ શહેર એનએસયુઆઈના પ્રમુખ રવિ રૂપાણી, જિલ્લા એનએસયુઆઈ મહામંત્રી અભયસિંહ ઠાકોર, દિલાવર ખાન પઠાણ, પિનાકિન બ્રહ્મભટ્ટ, અમીત નાઈ સહિતના એનએસયુઆઈ, યુવક કોંગ્રેસ કલોલ શહેર કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## થાઈલેન્ડના પ્રતિનિધિઓએ મુલાકાત લીધી

કડી સર્વવિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશન સે-૨૩, ગાંધીનગર ખાતે તા. ૩૧મી ડિસેમ્બરે પ્રો. વીણાબેન પટેલના અધ્યક્ષ સ્થાને થાઈલેન્ડના પ્રતિનિધિઓએ મુલાકાત લીધી હતી. જેમાં ડૉ. કંચના, ડૉ. નરાંગ, ડૉ. કુસુમાંગ તેમજ વલ્લભવિદ્યાનગરના એજયુકેશન વિભાગના ડૉ. વિનુભાઈ મોગરિયા ઉપસ્થિત રહ્યા હતા. બેઠકના આરંભે ફેકલ્ટી ઓફ એજયુકેશનના પ્રો. ડૉ. સંજયભાઈ ગુપ્તાએ કડી સર્વ વિશ્વ વિદ્યાલયના એજયુકેશન ડિપાર્ટમેન્ટમાં ચલાવવામાં આવતા વિવિધ અભ્યાસક્રમોની માહિતી આપી હતી.

## કરાઈ નર્મદા કેનાલમાંથી યુવાનનો તરતો મૃતદેહ મળ્યો

ગાંધીનગર નજીકના કરાઈ નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. સિકયુરીટી ગાર્ડ પેટ્રોલીંગમાં હતો ત્યારે તેને પાણીમાં મૃતદેહ દેખાઈ આવતા તાત્કાલિક પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. ડભોડા પોલીસે મૃતદેહ બહાર કઢાવી અજાણ્યા આશરે ૨૫ વર્ષનાં યુવાનનો મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી વાલીવારસની શોધખોળ શરુ કરી છે.

## ભૂજની અદાણી મેડીકલ કોલેજના ડૉ. દિપ જોશીપુરાની ફેલોશિપ એવોર્ડ માટે પસંદગી

ગાંધીનગર, તા. ૨

મૂળ રાજકોટ નિવાસી અને હાલમાં ભૂજ ખાતે ગુજરાત અદાણી મેડીકલ કોલેજમાં કાર્યરત ચર્મ રોગ નિષ્ણાંત ડૉ. દિપ જોશીપુરાની તાજેતરમાં દિલ્હી ખાતે યોજાયેલ ચર્મ રોગ નિષ્ણાંતોની આંતરરાષ્ટ્રીય પારિષદમાં 'ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ ડર્મેટોલોજી' તરફથી ફેલોશિપ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી. એમ.ડી. (સ્કીન)માં યુનિ. ફર્સ્ટ આવેલા ડૉ. જોશીપુરાએ તરૂણો અને



યુવાનોની મુખ્ય સમસ્યા ચહેરા પરના ખીલને કારણે માનસિક તણાવ અંગે સંશોધન પત્ર રજૂ કર્યું હતું. આ સંશોધન પત્ર ડૉ. દિપ દ્વારા વ્યકિતગત મુલાકાતો તમજ કેસ સ્ટડી પર આધારીત હતું અને તેમજ તેમાં નિશ્ચિત તારણો પણ રજુ કર્યા હતા.





ગાંધીનગરના સેકટર-૨૩ સ્થિત કડી સર્વ વિદ્યાલય દ્વારા સંચાલિત ક્રિએટીવ ઝોન દ્વારા કડી કેમ્પસની સંસ્થાઓ માટે રસોઈ શો નું આયોજન કરાયું હતું. તા. ૨૪મી ડીસેમ્બરે કેમ્પસમાં આવેલ મહિલા પીટીસી કોલેજની હોસ્ટેલ તેમજ લોદરિયા હોસ્ટેલમાં યોજવામાં આવેલ આ રસોઈ શોમાં સ્પર્ધકોએ વિવિધ વાનગીઓ દ્વારા નિર્ણાયકોના દિલ જીતી લીધા હતા. આ સ્પર્ધામાં વિદ્યાર્થીએ પંજાબી, ગુજરાતી, રાજસ્થાની, સાઉથ ઈન્ડીયન, ઈટાલીયન, મેકિસકન અને કાઠિયાવાડી વાનગીઓ દ્વારા વાતાવરણને મહેકતું કરી દીધું હતું. આ રસોઈ શોની સાથે સાથે સાંસ્કૃતિક વેશભુષા પણ યોજવામાં આવી હતી. જેમાં આપણા દેશની અનેક સાંસ્કૃતિક વેશભૂષાઓ રજુ કરાઈ હતી. સમગ્ર કાર્યક્રમમાં ઘર સજાવટ, ન્યુટ્રીશીયન ચાર્ટ, ડેકોરેશન કલ્ચર વગેરેને પણ સુંદર રીતે આવરી લેવાયું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૯

સૂર્યાસ્ત : ૫.૫૭

## તાપમાન

મહત્તમ : ૨૩.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૦ ટકા ● સાંજે ૬૯ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્કીન-૧ :

શોલે- ૩ડી : ૯.૪૦, ૧.૪૦, ૫.૪૦, ૯.૪૦

: સ્કીન-૨ :

મી. જોઈ બી કારવલ હો : ૧૦.૧૦, ૧૨.૪૦, ૩.૧૦, ૫.૪૦, ૮.૧૦, ૧૦.૪૦

: સ્કીન-૩ :

ધૂમ-૩ : ૧૧.૨૫, ૨.૫૫, ૬.૨૫, ૯.૫૫

: સ્કીન-૪ :

ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૧૦, ૭.૪૦

### આર વર્લ્ડ

: સ્કીન-૧ :

મી. જોઈ બી. કારવલ હો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૦૦

: સ્કીન-૨ :

શોલે : ૧૦.૦૦, ૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦

: સ્કીન-૩ :

ધૂમ-૩ : ૧૦.૧૫, ૧.૩૦, ૫.૩૦, ૯.૩૦

### સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

ધૂમ-૩ : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

: સ્કીન-૨ :

ધૂમ-૩ : ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૦૦

: સ્કીન-૨ :

આર..કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### ચિરાગ, કલોલગ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- કલ્ચરલ સ્કૂલ ઓફ એકટીંગના સીનીયર કલાકારો દ્વાર ત્રિ-અંકી નાટક પ્રસ્તુત રાત્રે ૯.૩૦ કલાકે

## આપની આજ

**મેષ** : વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો સાથે કલહ ઉભો ન થયા તેની તકેદારી રાખવી.

**વૃષભ** : વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થવાની સંભાવના છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નોકરી, વ્યાપાર, પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસ સાર્થક થશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે. સ્થાયી સંપતિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના છે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા મળશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે. વધુ પ્રયત્ન કરવો પડશે.

**તુલા** : આપનો પ્રભાવ વધાવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થવાની સંભાવના છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું. આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના. અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે.

**ધન** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ.ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

**મકર** : સ્થાયી મિલકતની ખરીદી થઈ શકે છે. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.

**કુંભ** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : નાણાંકીય ક્ષેત્રે સમસ્યાઓ સંભવિ શકે છે. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

## ચિરવિદાય

- સ્વ. જશુમતીબેન ગાંડાલાલ પ્રજાપતિ (ઉ.વ. ૬૪) બ્લોક નં. ૧૯૪, સર્વોદયનગર સોસાયટી, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. વિનુભાઈ હીરાલાલ બારોટ (ઉ.વ. ૭૪) પ્લોટ નં. ૧૩૫૨/૧, સેકટર-૭/ડી, ગાંધીનગર.
- સ્વ. બાલુબેન રામસિંઘ રાઠોડ (ઉ.વ. ૯૫) મુ.પો. નવા ધરમપુર (ભુંડીયા), તા., જિ. ગાંધીનગર.